# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-10-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ગુજરાતને નોટરીઓની સંખ્યા વધારવા મંજુરી:

કાયદા મંત્રાલયે ગુજરાતને નોટરીઓની સંખ્યા 2 હજાર 900થી વધારીને 6 હજાર કરવા મંજૂરી આપી છે. આ ઉપરાંત રાજસ્થાન, તમિલનાડુ અને નાગાલેન્ડમાં પણ નોટરીની સંખ્યામાં વધારાને મંજૂરી આપવામાં આવી છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે વસતિ વધારો, જિલ્લાઓ/તાલુકાઓની સંખ્યા અને નોટરી સેવાઓ માટેની અનુરૂપ માગને ધ્યાને રાખીને સંબંધિત રાજ્ય સરકારો તરફથી મળેલી રજૂઆતોને પગલે આ નિર્ણય લેવાયો છે.

અગાઉ, કાયદા અને ન્યાય રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલે જણાવ્યું હતું કે 31 જુલાઈ સુધી, સરકારે નવા નોટરી પોર્ટલનો ઉપયોગ કરીને વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નવનિયુક્ત નોટરીઓને 34 હજાર 900 ડિજિટલી સહીવાળા પ્રેક્ટિસ પ્રમાણપત્રો આપ્યા છે.

----------------------------------------------------------------------------------------------------

## સંરક્ષણમંત્રી-પોલીસ સ્મારક દિવસ:

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલે પોલીસ સ્મારક દિવસ પર દિલ્હીમાં રાષ્ટ્રીય પોલીસ સ્મારક ખાતે શહીદ પોલીસ કર્મચારીઓને શ્રદ્ધાંજલિ આપશે.

આ દિવસ 21 ઓક્ટોબર, 1959 ના રોજ લદ્દાખમાં સશસ્ત્ર ચીની સૈનિકો દ્વારા કરવામાં આવેલા હુમલામાં માર્યા ગયેલા દસ બહાદુર પોલીસ કર્મચારીઓની યાદમાં ઉજવવામાં આવે છે.

આ પ્રસંગે, કેન્દ્રીય સશસ્ત્ર પોલીસ દળો (CAPF) અને દિલ્હી પોલીસના કર્મચારીઓ સંયુક્ત પરેડ કરશે. સંરક્ષણ મંત્રી સભાને સંબોધિત કરશે.

---

## કચ્છ યુનિવર્સિટી-દીનદયાળ પોર્ટ ઓથોરિટી વચ્ચે બેઠક:

**ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી અને દીનદયાળ પોર્ટ ઓથોરિટી વચ્ચે કચ્છના શૈક્ષણિક, સંશોધન તેમજ સ્ટાર્ટઅપ-ઈનોવેશન ક્ષેત્રે સહકારની નવી પહેલ થઈ હતી. જે અંગે દીનદયાળ પોર્ટ ઓથોરિટી, ગાંધીધામ ખાતે બેઠક યોજાઈ હતી, જેમાં ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી, દીનદયાળ પોર્ટ ઓથોરિટી તથા ફોકીઆ વચ્ચે કચ્છ પ્રદેશમાં ઉચ્ચ શિક્ષણ, સંશોધન, કુશળતા વિકાસ, સ્ટાર્ટઅપ અને ઇનોવેશન ક્ષેત્રે સહયોગની દિશામાં મહત્ત્વપૂર્ણ વિચાર-વિમર્શ થયો હતો. આ બેઠકમાં યુનિવર્સિટીના કુલપતિ ડો. મોહનભાઈ પટેલ, દીનદયાળ પોર્ટ ઓથોરિટીના અધ્યક્ષ, સુશીલકુમાર સિંઘ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. નજીકના ભવિષ્યમાં બંને સંસ્થા વચ્ચે વિવિધ ક્ષેત્રોમાં સહકારને સત્તાવાર સ્વરૂપ અપાશે. સાથેસાથે યુનિવર્સિટીમાં એક નવી ઇન્ક્યુબેશન સેન્ટર, સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર તથા સંશોધન અને પેટન્ટ સંબંધિત પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવા માટે પ્રયાસો હાથ ધરાશે. કચ્છના દુરસ્થ વિસ્તારોમાં યુનિ.ના એક્સટેંશન સેન્ટર તથા કોન્સ્ટીટયુએન્ટ કોલેજો સ્થાપવાનો પણ યોજનાત્મક વિચાર વ્યક્ત કરાયો હતો.**

---

## અકસ્માત:

**ગઈકાલે ખાવડા ભીરંડીયારા માર્ગે લુડિયા બાયપાસ પર ઇકો કાર અને લક્ઝરી બસ વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં બે યુવકનાં મૃત્યુ નિપજ્યા છે. પ્રાપ્ત વિગતો મુજબ લક્ઝરી બસ ખાવડાથી ભુજ આવી રહી હતી અને ઇકો કાર ભુજથી ખાવડા બાજુ જતી હતી ત્યારે ગઈસાંજે બંને વાહન લુડિયા બાયપાસ માર્ગ પરથી પસાર થઇ રહ્યાં હતાં, ત્યારે ટક્કર થતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં યુવાન ડ્રાઈવરનું મૃત્યુ થયું હતું, જ્યારે બસમાં સવાર**

**યુવાનને પણ ગંભીર ઇજા પહોંચતાં મૃત્યુ નીપજ્યું હતું. બંને યુવાનને ખાવડાની સરકારી હોસ્પિટલ લઇ જવાયા હતા.**

**---------------------------------------------------------------------------------------------------**

## દીપાવલી પર્વ દિન વિશેષ:

**દીવડાઓનો ઝગમગાટ રંગ બેરંગી રોશની આતશબાજી અને ફટાકડાના ધૂમ ધડાકા અને મંદિરોમાં મંગળા આરતીના ઘંટનાદ સાથે પ્રકાશ પર્વ દીપાવલી ના પ્રજા ઉમંગભેર વધામણા લઈ રહી છે. ભુજ અને અન્ય સ્થળોએ વહેલી સવારથી જ ભાવિકો મંગળા આરતીના દર્શને ઉમટ્યા છે. મહાદેવ નાકા બહાર ફટાકડાના ધૂમ ધડાકા થી વાતાવરણ ગાજી રહ્યું છે. મંદિરો, વેપારી પેઢીઓ, સરકારી ભવનો રંગ બેરંગી રોશનીથી ઝળહળી રહ્યા છે, તો મંદિરોમાં અને ઘર આંગણે સુશોભિત રંગોળી કરી દીપ પર્વને વધાવી રહી છે. બજારોમાં છેલ્લી ઘડીની ખરીદી માટે લોકો ઉમટી પડશે.**

**---------------------------------------------------------------------------------------------------**

## મહિલા ક્રિકેટ વિશ્વ કપ:

મહિલા વિશ્વ કપની રસાકસી ભરી મેચમાં ઈંગ્લેન્ડની ટીમે ભારતીય ટીમને માત્ર ચાર રન થી હાર આપી હતી. ઇન્દોર ખાતેની મેચમાં ઈંગ્લેન્ડની ટીમે નિર્ધારિત 50 ઓવરમાં 8 વિકેટ ના ભોગે 288 રન કર્યા હતા. જવાબમાં ભારતીય ટીમ 6 વિકેટ ગુમાવી 284 રન કરી શકી હતી

ભારતીય ટીમમાં સ્મૃતિ મંધનાએ સૌથી વધુ 88 રન અને સુકાની હરમન પ્રીત કૌરે 70 રન કર્યા હતા, જ્યારે દિપ્તી શર્માએ ઇંગ્લેન્ડ ટીમની 4 વિકેટ ઝડપી હતી.

**---------------------------------------------------------------------------------------------------**

# વિશ્વ ઓસ્ટીયોપોરોસિસ દિવસ:

આજે વિશ્વ ઓસ્ટીયોપોરોસિસ દિવસ, આયુષ મંત્રાલયે લોકોને અને ખાસ કરીને વૃદ્ધો અને મેનોપોઝ પછીની મહિલાઓને, હાડકાના રોગ, ઓસ્ટીયોપોરોસિસને રોકવા માટે સંતુલિત પોષણ અને હળવી શારીરિક કસરત જેવા આયુર્વેદિક પગલાં અપનાવવા વિનંતી કરી છે.

---